ગાંધીનગર સમાચાર

મહાત્મા મંદિરના કેબલ સ્ટેડ બ્રિજ પર તોતિંગ પવનચક્કી લગાવી દેવાઇ

# મોડી રાત્રે શહેરમાં વરસાદી ઝાપટું

## આજે આખો દિવસ વાદળો ઘેરાયેલા રહ્યા જો કે વરસાદ ન પડયો : રાત્રે ૧૨ મીમી વરસાદ નોંધાયો



ગાંધીનગર, તા.૫

શહેરમાં સતત વરસાદી વાતાવરણ રહ્યા બાદ મોડી રાત્રે વરસાદી ઝાપટું પડયું હતું. જો કે માત્ર ૧૨ મીમી વરસાદથી નગરજનોને સંતોષ માનવો પડયો હતો.

ગાંધીનગર શહેર તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા બે ત્રણ દિવસથી સતત વાદળો ઘેરાયેલા રહ્યા છે. કયારેક કયારેક વરસાદી ઝાપટું પડી જાય છે ગત મોડી રાત્રે શહેરમાં વરસાદ વરસવો શરૂ થયો હતો. જો કે એકાદ કલાક સુધી કયારેક ધીમી ધારે તો કયારેક ધોધમાર વરસ્યા બાદ વરસાદ બંધ થઈ ગયો હતો. હવામાન વિભાગમાં નોંધાયેલા આંકડાઓ અનુસાર માત્ર ૧૨ મીમી જેટલો વરસાદ જ નોંધાયો હતો.

આજે પણ આખો દિવસ આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાયેલા રહ્યા હતા. સવારથી લઈને બપોરે બારેક વાગ્યા સુધી તો વાદળોનો જમાવડો એટલો બધો હતો કે એવું લાગતું હતું કે હમણા ધોધમાર વરસાદ તુટી પડશે અને બે ચાર ઈંચ વરસાદથી શહેર પાણી પાણી થઈ જશે. જો કે વાદળોના ભારે જમાવડા બાદ પણ વરસાદ ન પડતાં બફારો ખુબ અનુભવાયો હતો. પંખાની નીચે પણ પરસેવે રેબઝેબ થઈ જવાતું હતું. આજે મહત્તમ તાપમાન ૩૧.૮ ડિસે અને લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડિસે નોંધાયું હતું. ભેજનું પ્રમાણ સવારે ૯૭ ટકા અને સાંજે ૭૯ ટકા રહ્યું હતું.

# કોણ સીએમ બનશે... રાજયમાં અંદાજે ૩ હજાર કરોડનો સટ્ટો ખેલાયો

## સીએમની રેસમાં નાગરીકોએ નાણા ગુમાવ્યા પંટરો ફાવી ગયા

ગાંધીનગર, તા.૫

ગુજરાત રાજયમાં છેલ્લા બે દિવસથી કોણ સીએમ બનશે.. ગુજરાતનું સુકાન કોના હાથમાં આવશે.. બેન પછી મજબુત દાવેદાર કોણ...સહિતના પ્રશ્નો લોકમાનસમાં સતત દોડયા કરતા હતા. આ પ્રશ્નનો પર રાજયમાં સટ્ટાબજાર ગરમાયું હતું. રાજયના રાજકારણ રસિયાઓએ આમાં પણ સટ્ટો ખેલી નાંખ્યો હતો. એક અંદાજ મુજબ રાજયમાં અઢીથી ત્રણ હજાર કરોડનો સટ્ટો ખેલાયો હતો. સટ્ટામાં સીએમની રેસમાં દોડતા નામોને લઈ ભાવ ઉંચકાયા હતા. સૌથી મોખરાનું નામ નિતિન પટેલનું ચાલતુ હતું. પરંતુ આખરે ગુજરાતના સીએમ તરીકે વિજય રુપાણીના નામ પર મહોર લાગતા સટ્ટાખોરોએ રૂપીયા ગુમાવ્યા હતા. જયારે પંટરો કરોડો રૂપીયા કમાઈ ગયા હતા.

આજે ભાજપના ગુજરાત પ્રદેશ કાર્યલય પર સવારથી જ સૌની મીટ મંડાઈ હતી. મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલે રાજીનામું આપતા જ આગામી સીએમ તરીકે કોણ બનશે તે અંગે બજારમાં અનેક નામો આવી ગયા હતા. બજારમાં પણ રાજકીય વિશ્લેષકો દ્વારા આ બનશે...તે બનશે...ના નામોના સમીકરણો ચાલી રહ્યા હતા. બજારમાં નિતિન પટેલ, વિજય રૂપાણી, રમણલાલ વોરા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ગણપતભાઈ વસાવા ઉપરાંત એક તબક્કે સ્મૃતિ ઈરાની સહિતના નામો ચર્ચામાં ચાલતા હતા. ત્યારે સૌથી હોટફેવરીટમાં નિતિન પટેલનું નામ બજારમાં દોડી રહ્યુ હતું. બુકીઓના મતે નિતિનભાઈ ફાઈનલ હતા.કોઈ પરંતુ રાજકારણના નજીકના સુત્રો દ્વારા અંદરખાને વિજયભાઈ રૂપાણીનું નામ મોખરે હોવાનુ પણ ચર્ચાતુ હતું. સીએમના દાવેદારમાં નાગરીકોએ અંદાજે અઢીથી ત્રણ હજાર કરોડનો સટ્ટો ખેલાઈ ગયો હતો. ત્યારે સીએમ તરીકે વિજય રૂપાણીનું નામ આવતા જ સટ્ટાખોરોમાં સોંપો પડી ગયો હતો. રાજયના સટ્ટોડીયાઓ કરોડો રૂપીયા ગુમાવવાનો વારો આવ્યો છે પરંતુ આ સટ્ટામાં પંટરો બાજી મારી ગયા છે.

# મહાત્મા મંદિરના કેબલ સ્ટેડ બ્રિજ પર તોતિંગ પવનચક્કી લગાવી દેવાઈ

## વિન્ડ ટર્બાઇનના આધારે ઉત્પન્ન થતી ઉર્જાનો મહાત્મા મંદિરમાં ઉપયોગ થશે : ૪૦ ટન વજન ધરાવતી વિન્ડ ટર્બાઇનને લગાવવા માટે ક્રેઇનને ૪૦ લાખથી વધુ ભાડુ ચુકવાયુ : કેબલ સ્ટેડ બ્રિજના આખરી તબક્કાની કામગીરી માટે ચાઇનાથી આજે ટીમ આવશે

ગાંધીનગર તા ૫

મહાત્મા મંદિરથી દાંડી કુટીરને જોડતા કેબલ સ્ટેડ બ્રિજનુ કામ અંતિમ તબક્કામાં છે. કેબલ સ્ટેડ બ્રીજના નિર્માણ અન્વયે છેલ્લા તબક્કામાં સ્ટ્રીપીંગનુ કામ હાથ ધરાશે આ માટે ચાઈનાથી આજે તજજ્ઞોની ટીમ આવશે. જયારે બ્રિજને અનુલક્ષી તોતિંગ વિન્ડ ટર્બાઈન પણ ઉભા કરી દેવાયા છે.અંદાજિત ૪૦ ટન જેટલુ વજન ધરાવતી પવનચક્કીને હેવી ક્રેઈનની મદદથી ફીટ કરવામાં આવી છે. વિન્ડ ટર્બાઈનના આધારે ઉત્પન્ન થતી વિજળીને મહાત્મા મંદિરના ઉપયોગમાં લેવાશે કેબલ સ્ટેડ બ્રીજના નિર્માણ પાછળ રૂ ૩૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શહેરની આગવી ઓળખ સમા મહાત્મા મંદિરના પ્રોજેકટને અનુલક્ષી હાલ મહાત્મા મંદિરથી દાંડી કુટીરને જોડતા કેબલ સ્ટેડ બ્રિજનુ નિર્માણ કરવામાં આવી રહયુ છે. જયારે કેબલ સ્ટેડ બ્રિજને અનુલક્ષી પાયલોન ઉપર ૮૦ મીટરની હાઈટ પર બે વિન્ડ ટર્બાઈન પણ ફીટ કરી દેવાયા છે.૪૦ ટન વજન ધરાવતા વિન્ડ ટર્બાઈનના આધારે વિજ પ્રવાહ ઉત્પન્ન થશે તેનો ઉપયોગ મહાત્મા મંદિરમાં કરવામાં

● અનુસંધાન પાન-૭ પર



આજે કમલમ્ કાર્યાલયમાં ભાજપના એક કાર્યકર્તા વી.આઈ.પી. પાર્કિંગમાં પોતાની કાર પાર્ક કરી જતો રહ્યો હતો. આ પછી બે થી ત્રણ વાર માઈક પર જાહેરાત કરી કાર હટાવવા જણાવાયુ હતુ પરંતુ કાર ન હટાવાતાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલના આગમન પૂર્વે પોલીસે કારને ટોઈંગ કરી દૂર કરી હતી.

# પાનસરના ૭૦ જેટલા ઘરોમાં ચાંદીપુરમના પગલે ખાસ સ્પ્રે તંત્રએ કર્યુ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના પાનસર ખાતેથી મળેલા ચાંદીપુરમના કેસને પગલે આજે પાનસરના દંતાણીવાસમાં ૮૦ જેટલા મકાનોમાં સ્પ્રેની ખાસ કિસ્સામાં કામગીરી કરવામાં આવી છે. ગઈકાલે પાનસરના દંતાણી વાસની ૨.૫ વર્ષની કિશોરીને ચાંદીપુરમ પોઝીટીવ આવતાં હરકતમાં આવેલા તંત્રએ સર્વેલન્સની કામગીરી શરૂ કરી દીધી છે. બીજી તરફ જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ જાગાણીએ પણ પાનસરની મુલાકાત લઈ સર્વેલન્સની કામગીરીની સમીક્ષા કરી હતી તેમજ દર્દીના પરિવારની મુલાકાત લીધી હતી. આજે સવારે રાજ્યના એન્ટોમોલોજીસ્ટની એક ટીમ અને જિલ્લાની ટીમ પણ પાનસર પહોંચી હતી. આ પછી બપોરના સમયે દંતાણીવાસમાં તાત્કાલિક સર્વેને અંતે સ્પ્રેની કામગીરી કરવામાં આવી હતી. પાનસરમાં અન્ય કોઈ શંકાસ્પદ દર્દીઓ નહિ મળ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. હજુ એકાદ સપ્તાહ સુધી સતત સર્વેલન્સની સઘન કાર્યવાહી ચાલશે તેમ પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં બે વર્ષ બાદ ચાંદીપુરમનો કેસ નોંધાયો છે. આરોગ્ય તંત્ર દ્વારા આ બાબતને અતિ ગંભીરતાથી લઈ તાબડતોબ એન્ટીલારવેલ સહિતની કામગીરી હાથ ધરવામાં આવેલી છે.

# મચ્છરોને ડામવા સે-૨૯ની કન્સ્ટ્રકશન સાઈટ બે દિવસ બંધ રખાઈ

## સાઈટ પર ઓઈલ તેમજ જંતુનાશક દવાઓનો છંટકાવ કરાયો

ગાંધીનગર તા ૫

શહેરમાં કન્સ્ટ્રકશન સાઈટ પર મચ્છરોના બ્રિડીંગ મળી આવતા તંત્ર દ્વારા સે-૨૯ ની સાઈટને નાટીસ આપવામાં આવી હતી જેના પગલે સફાળા જાગેલા તંત્ર દ્વારા સાઈટ પર બે દિવસ કામ બંધ રાખી આઈલ તેમજ પાવડરના છંટકાવ સાથે સ્પ્રેની કામગીરી કરવામાં આવી હતી. આ ઉપરાંત સાઈટ પર બેરીકેટીંગ પણ લગાવી દેવાયા છે.

શહેરમાં વરસાદી ઋતુમાં વાદળિયુ વાતાવરણ મચ્છરો માટે ફેવરેબલ બન્યુ છે. ત્યારે નગરની કન્સ્ટ્રકશન સાઈટ પર મચ્છરોનો ઉપદ્રવ વધતા સેકટરોમાં રોગચાળો ફેલાય તેવી દહેશત પ્રબળ બની છે. આવા સંજોગોમાં સે-૨૯માં નવા સરકારી આવાસો બાંધવાની સાઈટ પર મચ્છરોના બ્રિડીંગ મળી આવતા શહેરી મેલેરીયા તંત્ર દ્વારા નોટીસ પણ આપવામાં આવી હતી. જેમાં યોગ્ય પગલા લેવામાં સંચાલકો બેદરકારી દાખવશે તો સાઈટ સીલ કરવા સુધીના પગલા લેવાશે તેમ પણ જણાંવાયુ હતુ જેના પગલે મચ્છરોનો નાશ કરવા માટે સફાળા જાગેલા તંત્ર દ્વારા બે દિવસ સુધી સાઈટ પર કામ બંધ રાખી ઓઈલ તેમજ દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.પાટનગર યોજના વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર જતીન ઓઝા સહીત તંત્રની ટીમ કામે લાગી હતી. આ ઉપરાંત જેસીબી મશીનથી જરૂરી સફાઈ પણ કરવામાં આવી હતી. રહેણાંક વિસ્તાર નજીકની આ કન્સ્ટ્રકશન સાઈટ પર મચ્છરોના બ્રિડીંગ મળતા તંત્રના અધિકારીઓ પણ ચોંકી ઉઠયા હતા. જો કે મચ્છરોના ઉપદ્રવને ડામવા માટે તંત્ર દ્વારા જંતુનાશક દવા છંટકાવ સહીતની કામગીરી પુર્ણ કરી દેવાઈ હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે.

# રૂપાણી મુખ્યમંત્રી બનતા હવે ભાજપ પ્રદેશ પ્રમુખ કોણ...


## રાજકીય વર્તુળોમાં અટકળોનો દોર શરૂ થયો : રૂપાણી બાદ હવે ભીખુભાઈ દલસાણીયા, કૌશિક પટેલ, મોહન કુંડારીયાના નામ પર વધુ ચર્ચાઓ ચાલી રહી છે

ગાંધીનગર, તા.૫

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીની મુખ્યમંત્રી પદ માટે પસંદગી થતા હવે ભાજપના નવા પ્રદેશ પ્રમુખ કોણ બનશે તે અંગે અત્યારથી જ ભાજપમાં જુદા જુદા નામોની જોરદાર ચર્ચા શરૂ થઈ છે. વિજય રૂપાણીની મુખ્યમંત્રી પદે શપથવિધિ થયા બાદ જ ભાજપના નવા પ્રદેશ પ્રમુખની વરણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમ સુત્રો જણાવી રહ્યા છે. ભાજપના નવા પ્રદેશ પ્રમુખ પદ માટે હાલમાં જે નામો સૌથી વધુ ચર્ચાઈ રહ્યા છે તે પૈકી ભાજપના વર્તમાન સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, કૌશિકભાઈ પટેલ તથા મોહન કુંડારીયાના નામોનો સમાવેશ થાય છે. રાજ્યના મુખ્યમંત્રી તરીકે જેમના નામની જાહેરાત કરવામાં આવી છે તે વિજય રૂપાણી સૌરાષ્ટ્રના હોવાથી પ્રદેશ પ્રમુખ પદ માટે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અથવા તો દક્ષિણ ગુજરાતના સંગઠનના કોઈ સિનિયર આગેવાનની પસંદગી કરવામાં આવશે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ આ સંદર્ભમાં ટૂંક સમયમાં નિર્ણય લેશે તેમ પણ સુત્રો જણાવી રહ્યા છે.

આજે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રૂપાણીની પસંદગી કરી લેવામાં આવ્યા બાદ હવે ભાજપ પ્રદેશ પ્રમુખ અંગે પણ નિર્ણય લેવમાં આવશે. ભાજપ સામે હાલ શ્રેણીબદ્ધ પડકારો રહેલા છે જેમાં પાટીદાર સમુદાયમાં નારાજગી અને દલિત સમુદાયમાં નારાજગીનો સમાવેશ થાય છે.


**પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



વ્હાલા પપ્પા,
તુજ બાગની, અમે ફૂલ ક્યારી
તુજ આર્શીવાદની છે આ હરિયાળી
આજ હસ્તી આપની બની છે સ્મૃતિ અમારી
સત્ સત્ વંદન આપને, છે પ્રભુને પ્રાર્થના અમારી
આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે...

સ્વ. પંકજભાઈ બી. સોલંકી (સ્વ. તા. ૬-૭-૨૦૧૬)
(નિવૃત્ત કાર્યપાલક ઈજનેર, સિંચાઈ વિભાગ)

ગં.સ્વ. દક્ષાબેન પી. સોલંકી
કેતનભાઈ - જયશ્રીબેન | પારૂલબેન - મનોજકુમાર
ઈક્ષિત પી. સોલકર (દુબઈ) | નેહાબેન - દીપકકુમાર
મૌસમીબેન - સુરેશકુમાર | નિધિબેન - હર્ષકુમાર
(દિપેન, ધર્મિન, મુદ્રા, પ્રિન્સ, તન્વીશ, કેયુર, શ્રેયા)

**બેસણું (રાંધેજા)**



અમારા મોટાભાઈ ભોગીભાઈ હરગોવિંદદાસ પટેલ નું તા.૦૨-૦૮-૨૦૧૬ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ.

સ્થળ અને સમય
તા.૭-૮-૨૦૧૬ ને રવિવારે સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે
ઠે. અંબાજી માતાની વાડી,
સ્થળ : મુ.રાંધેજા, તા.જી.ગાંધીનગર.

પ્રજ્ઞેશ ભોગીલાલ પટેલ (પુત્ર)
ચેતન રસીકલાલ પટેલ (ભત્રીજા)
હિતેષ રસીકલાલ પટેલ (ભત્રીજા)
મિત્ત પ્રજ્ઞેશભાઈ પટેલ (પૌત્ર)

લિ. રસીકલાલ મણીલાલ પટેલ
ચેરમેનશ્રી એ.પી.એમ.સી.ગાંધીનગર
ડીરેક્ટરશ્રી ગુજકોમાસોલ

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
પ્રમોદકુમાર દ્વારકાદાસ પટેલ (રાચસણ) | ડો. કિરીટભાઈ એસ.પટેલ (મેડા આદરજ)

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-3, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.30 બપોરે 3.30 થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

Infocity Club & Resort | Craayons Pre-School & Activity center | infocity

DRAWING COMPETITION

૧૫ ઓગસ્ટ, ૨૦૧૬
A ઉંમર ૬ થી ૮ વર્ષ
B ઉંમર ૯ થી ૧૨ વર્ષ

સમયઃ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે
સ્થળઃ ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર

રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ
૧૪ ઓગસ્ટ, ૨૦૧૬

જીતો આકર્ષક ઈનામો

- ફી- ગૃપ A માટે- રૂા.૫૦/- અને ગૃપ B માટે - રૂા.૧૦૦/-
- સ્પર્ધકોને ડ્રોઈંગ પેપર સંસ્થા તરફથી આપવામાં આવશે. (કલર /પેન્સિલ/ ડ્રોઈંગ મટેરીયલ કીટ સ્પર્ધકે સાથે લાવવાના રહેશે).
- સ્પર્ધકને ICRPL તરફથી રિફ્રેશમેન્ટ આપવામાં આવશે.

વધુ માહિતી /રજીસ્ટ્રેશન માટે સંપર્કઃ
૯૯૭૯૮ ૮૯૩૭૭ / ૦૭૯ ૨૩૨૧ ૩૧૬૬
૦૭૯ ૨૩૨૧ ૩૧૫૫

Our Sponsors


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com